ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# સ્વાઈન ફ્લુના આતંકને નાથવામાં નબળાઈ ક્યાં છે ?

**સમયસર**

ગાંધીનગર, તા. ૧૧

સ્વાઈન ફ્લુના વધતા જતા દર્દીઓ અને તેના કારણે મૃત્યુ મુખ સુધી ધકેલાઈ જતાં દર્દીઓની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે ત્યારે સામાન્ય લોકોના કપાળે હવે ચિંતાની લકીર જોવા મળી રહી છે. નાની સરખી છીંક અને ખાંસી મનમાં જાતભાતની આશંકાઓ પેદા કરી દે છે. સ્વાઈન ફ્લુના વધતા જતાં કહેરને અટકાવી શકે તેવી નવી દવા વિકસાવવા તથા સતત સાવચેતી રાખવા સિવાય આ રોગ સામે લડી શકાશે નહી. ઝડપી નિદાન આ રોગ સામે બચાવી શકતુ હોવાથી સામાન્ય શરદી-ખાંસીના દર્દીઓને પણ ડર્યા વગર ઝડપથી સ્વાઈન ફ્લુ અંગેની તપાસ કરાવી સારવાર મેળવવી જોઈએ.

શિયાળાનો છેલ્લો તબક્કો ગુજરાત માટે એક મોટી ઉપાધી સર્જીને ગયો છે. હાલમાં ઋતુ સંવનનો ગાળો હોઈ સ્વાઈન ફ્લુના દર્દીઓ વધ્યા છે. ગાંધીનગરમાં આ રોગે ત્રણ દર્દીઓનો ભોગ લીધો છે. કેટલાક દર્દીઓ હજુ શહેરની સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસોથી આ રોગની તીવ્રતા વધતા સામાન્ય લોકો પણ ફફડી ગયા છે. આ રોગ માનવીય સંપર્ક દ્વારા ખુબ ઝડપથી ફેલાતો હોઈ હવે તો સામાન્ય શરદીના દર્દીઓ પણ ડરી ગયા છે. જ્યાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સારવાર ચાલતી હોય તે તરફ તો ઘણા લોકો ફરકતા પણ નથી. હવે ઝડપથી ઉનાળો આવે તેવી સૌ કોઈ પ્રાર્થના કરી રહ્યા છે.

સ્વાઈન ફ્લુના સકંજાથી બચવુ હોય તો રોગ પ્રતિકારક શક્તિ વધુ હોવી જોઈએ. બાળકો, સગર્ભાઓ અને વડીલોમાં રોગ પ્રતિકારક શક્તિ ઓછી હોઈ તેઓએ ભીડભાડવાળા સ્થળોએ, મેળાવડાઓમાં અને પ્રસંગોમાં જવાનું ટાળવુ જોઈએ.

ઝડપી નિદાન આ રોગ સામે બચાવ કરી શકતુ હોઈ શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જો દેખાય તો તુરંત જ નિષ્ણાત તબીબનો સંપર્ક કરવો જોઈએ. આ રોગ ઝડપથી આગળ ન વધે તે માટે સર્વેલન્સ કામગીરી પણ અસરકારક થવી જરૂરી છે. સરકારે માત્ર લોકોને સાવચેતી રાખવા માટેની જાહેરાતો આપ્યા સિવાય અસરકારક સર્વેલન્સ અને ઝડપી નિદાન તરફ ધ્યાન આપવુ જોઈએ. આ રોગ સામે રક્ષણ આપતી રસી અને નવી દવાઓનું સંશોધન ઝડપી બનાવી દર્દીઓના જીવ બચાવવા તરફ લક્ષ્ય આપવુ જોઈએ. માનવ જીંદગીની કિંમત ખુબ મોટી છે. એકવીસમી સદીમાં આવા રોગથી માનવ જીંદગી મોતના ખપ્પરમાં હોમાય તે ખુબ જ ચિંતાજનક બાબત છે. આ રોગ સામે લડી શકે તેવી અસરકારક દવા અથવા રસી શોધાય તે તાકીદની જરૂરીયાત છે. સ્વાઈન ફ્લુ સામે રક્ષણ આપી શકે તેવી દવા આયુર્વેદ અને હોમોપેથીમાં ઉપલબ્ધ હોઈ તેને પણ અનુસરવાની તબીબો સલાહ આપી રહ્યા છે.

**અસરકારક સર્વેલન્સ અને ઝડપી નિદાન તરફ ધ્યાન આપવુ જોઈએ**



કલાકારી ફેસ્ટીવલ - ગાંધીનગરને આંગણે કલાના વિવિધ પાસાઓને આવરી લેતો કલાકારી ફેસ્ટીવલ ભારે આકર્ષણ જમાવી ગયો... રાજ્યના અને અન્ય રાજ્યોના ૪૦૦થી વધુ કલાકારો દ્વારા કલાના વિવિધ પાસાઓની અભિવ્યક્તિ અનોખી રીતે પ્રસ્તુત કરાઈ હતી. સામાજીક સંદેશને આવરી લેતા વિવિધ પ્રોજેક્ટસ, વર્કશોપ્સ અને સાંસ્કૃતિક પ્રસ્તુતિ દ્વારા વિવિધ પ્રાંતના કલાકારોએ પોતપોતાની સાંસ્કૃતિક અભિવ્યક્ત કરી હતી.

# ગાંધીનગરમાં કલાકારી ફેસ્ટીવલ

## અરેના એનિમેશન ઈન્સ્ટીટ્યુટ દ્વારા કલાકારી ફેસ્ટીવલ યોજાયો : ગુજરાતના ૪૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો : બેટી બચાવો અને પૃથ્વી બચાવો સહીત નો ડ્રગ્સના સમાજ ઉપયોગી મેસેજ આપવા બેનમુન કલાકૃતિ રજૂ કરી

ગાંધીનગર, તા.૧૧

અરેના એનિમેશન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા ગાંધીનગરમાં આજે ઈન્ફોસીટી ખાતે કલાકારી ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ બેટી બચાવો, અર્થ બચાવો અને નો ડ્રગ્સના અભિગમને બયાન કરતી પ્રતિકૃતિઓ રજૂ કરી હતી. વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની કલાકારી ઉપરાંત ઈવેન્ટ દરમિયાન પંજાબ, કલકત્તા સહીત ગુજરાતના ૭૦ જેટલા કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યો પણ રજૂ કરાયા હતા.






અરેના એનિમેશન ભારત ઉપરાંત અન્ય ૨૦ દેશોમાં સેન્ટર ચલાવે છે. ગુજરાતમાં પણ આ ઈન્સ્ટીટ્યુટના ૧૩ સેન્ટર છે. સંસ્થાના ઈશો તમ્બી મેથ્યુએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે સ્ટુડન્ટસને એકટીવ વર્કીંગ તેમજ યોગ્ય વાતાવરણ પુરું પડવા ઈન્ડસ્ટ્રીઝ સાથે વાર્તાલાપ કરવામાં આવે છે. જેના માધ્યમથી વિદ્યાર્થીઓ જે પણ શીખે છે તે કયારેય ભૂલતા નથી. એનિમેશન એકટીંગ, લર્નિંગ, કલ્ચર સાથે સંબંધિત હોવું જોઈએ. સર્જનાત્મક શકિત નિખરે તેમજ કલાકારોને સ્ટેજ મળે તે માટે સંસ્થા દ્વારા કલાકારી ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. અગાઉ મુંબઈમાં ક્રીએટીવ કુંભ કલાકારી ફેસ્ટીવલ યોજવામાં આવ્યો હતો. આજે ગાંધીનગરમાં આ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અરેમા એનિમેશનના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ અને બરોડા સહીતના શહેરોમાંથી ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ વેસ્ટમાંથી બેસ્ટ ઉપરાંત બેટી બચાવો, સેવ અર્થ અને નો ડ્રગ્સ જેવા સમાજ ઉપયોગી સંદેશા સાથે કલાકૃતિઓના બેનમૂન નમૂનાઓ રજૂ કર્યા હતા. બોલીવુડ ફીલ્મોમાં પણ એનિમેશન ક્ષેત્રના વિદ્યાર્થીઓ યોગદાન આપે છે. સંસ્થામાંથી અત્યાર સુધી ૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો છે. ફેસ્ટીવલ દરમિયાન ગુજરાત, પંજાબ અને કેરલા સહીતના રાજયોમાંથી આવેલા કલાકારોએ સાંસ્કૃતિક નૃત્યો પણ રજુ કર્યા હતા.

# રાજયમાં નવા ૨૫ સામુહિક અને ૯૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર

ગાંધીનગર, તા.૧૧

રાજયમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્દઢ બનવવા માટે નવા ૨૫ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ૯૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે.

આ અંગેની વિગતો આપતાં રાજયના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે રાજયમાં જે ૨૫ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે તેમાં કચ્છ જિલ્લામાં ૩, અરવલ્લી જિલ્લામાં બે, બનાસકાંઠા જિલ્લામાં ૨, ભરૂચ જિલ્લામાં ૧, છોટા ઉદેપુર જિલ્લામાં ૩, દાહોદ જિલ્લામાં ૨, ડાંગ જિલ્લામાં ૨, ગાંધીનગર જિલ્લામાં ૧, ગીર સોમનાથ જિલ્લામાં ૧, ખેડા જિલ્લામાં ૧, મોરબી જિલ્લામાં ૧, પંચમહાલ જિલ્લામાં ૨, સાબરકાંઠા જિલ્લામાં ૧, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧, વડોદરા જિલ્લામાં ૧ અને વલસાડ જિલ્લામાં ૧ આમ કુલ ૧૬ જિલ્લાના ૨૫ તાલુકાઓ ખાતે આ સામુહિક આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થશે. જેનાથી અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સવલતોનો વ્યાપ વધશે.

૨૫ સામુહિક આરોગ્ય કેન્દ્રો પૈકી આદિજાતિ વિસ્તારમાં ૧૩ અને સામાન્ય વિસ્તારમાં ૧૨ સામુહીક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે ૯૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવ્યા છે તેમાં અરવલ્લી જિલ્લામાં ૪, બનાસકાંઠા જિલ્લામાં ૩, છોટા ઉદેપુર જિલ્લામાં ૫, દાહોદ જિલ્લામાં ૨૦, મહિસાગર જિલ્લામાં ૨, નર્મદા જિલ્લામાં ૨, નવસારી જિલ્લામાં ૪, પંચમહાલ જિલ્લામાં ૩, સાબરકાંઠા જિલ્લામાં ૪, સુરત જિલ્લામાં ૪, તાપી જિલ્લામાં ૫ અને વલસાડ જિલ્લામાં ૪, આમ ૧૨ જિલ્લાના ૩૦ આદિજાતિ તાલુકાઓમાં આ આરોગ્ય કેન્દ્રો કાર્યાન્વિત થશે.

એક સામુહીક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે અંદાજે રૂ. ૩.૫૫ કરોડ પ્રમાણે કુલ ૨૫ સા.આ. કેન્દ્રો માટે રૂ. ૮૮.૭૫ કરોડ તેમજ એક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે અંદાજે રૂ. ૧ કરોડ પ્રમાણે કુલ ૯૦ પ્રા.આ. કેન્દ્રો માટે કુલ ૯૦ કરોડનો ખર્ચ થશે.

# પાણી-ગટર વેરા ક્ષેત્રે તંત્રના ચોપડે ૧.૪૦ કરોડની ઉધારી

## વર્ષો જૂના બાકી માંગણાને રીકવર કરવાનું કામ મુશ્કેલ

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં પાણી ગટર વેરો વસુલવા આગામી મહિનામાં તંત્ર દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. વેરા વસુલાત ઝુંબેશના અંતે પણ તંત્રના ચોપડે વર્ષો જૂના અને અત્યાર સુધીના બાકી માંગણાનો આંકડો મોટો છે. વેરા વસુલાત ક્ષેત્રે તંત્રના ચોપડે ૧.૪૦ કરોડની ઉધારી છે.

શહેરમાં પાણી ગટરના અંદાજિત ૨૬ હજાર જેટલા જોડાણકર્તાઓ છે. શહેરના જૂના અને નવા સેકટરો, જીઆઈડીસી વિસ્તાર અને શહેરી વિસ્તારના ગામોમાંથી પાણી ગટરવેરાની એડવાન્સ વસુલાત માટે તંત્ર દ્વારા દર વર્ષે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. હાલ પણ વેરા વસુલાત માટે આગામી દિવસોમાં બિલની વહેંચણીનું કામ પૂર્ણ કરી વેરા વસુલવા અભિયાન હાથ ધરાશે. દાયકાઓના અંતે પણ પાણી ગટર વેરાના જુના બાકીદારોના વેરાની રકમ રીકવર થઈ શકી નથી તંત્ર પાસે એડવાન્સ વેરાના બાકીદારો ઉપરાંત જૂના બાકી માંગણાની યાદી અને આંકડો પણ મોટો છે. જૂના બાકીદારો પાસેથી વેરો વસુલવા અગાઉ તંત્ર દ્વારા પાવડી-કોદાળી હાથમાં લઈ જુનુ માંગણું વસુલવા ઝુંબેશ પણ શરુ કરવામાં આવી હતી જેના અંતે અંદાજિત રૂ. ૧૦ લાખનો વેરો રીકવર થતો હતો. જો કે હાલની સ્થિતિએ પાણી ગટર વેરા ક્ષેત્રે તંત્રના ચોપડે રૂ. ૧.૪૦ કરોડની વસુલાત બાકી છે. નવા વર્ષની એડવાન્સ વસુલાત ઝુંબેશની તૈયારી હાથ ધરવામાં આવી છે ત્યારે જૂના બાકી માંગણાને વસુલવા પણ તંત્રએ અસરકારક પગલા હાથ ધરવા પડશે નહીંતર પ્રતિ વર્ષ વસુલાત ક્ષેત્રે બાકીદારોની યાદી અને માંગણાની રકમ વધતી જશે.

# સે-૨૯ના જોખમી આવાસો દૂષણોનો અડ્ડો



(તસવીર : કશ્યપ નિમાવત)

## ખુલ્લા આવાસોના બારી બારણા સડી ગયા છે : અસામાજિક તત્વોનો પગપેસારો : મીટર બોર્ડ પણ ભયજનક સ્થિતિમાં : ગંદકીના ઢગ

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં વર્ષો જૂના સરકારી આવાસો ભયજનક સ્થિતિમાં છે. જયારે જાળવણીના અભાવે જોખમી અને ખંડેર ભાસતા મકાનો હાલ શ્રમજીવીઓનો અડ્ડો બન્યા છે. સે-૨૯માં 'ઘ' કક્ષાના ખુલ્લા મકાનોમાં અસહ્ય ગંદકી અને દૂષણો પાંગરી રહ્યા છે. તંત્ર કક્ષાએથી પણ આ આવાસોની કોઈ દરકાર લેવાતી નથી. આવાસોના બારી બારણા પણ સડી



ગયા છે. ખુલ્લા આવાસમાં અસામાજિક તત્વો પણ રાત પડતા અડ્ડો જમાવે છે.

શહેરના સરકારી આવાસો સુવિધાના બદલે દુવિધાઓનું દંગલ બની રહ્યા છે. જોખમી ભાસતા આવાસોમાં કોઈ રહેતું ન હોવાનું માની આવાસોને જાણે જાહેર ઉપયોગ માટે સાવ ખુલ્લા છોડી દેવાયા છે. સે-૨૯માં 'ઘ' કક્ષાના આવા ખુલ્લા મકાનોમાં અસહ્ય ગંદકી અને દુષણો પાંગરી રહ્યા છે. આવાસોના તુટેલા અને સડેલા બારી બારણાનું પણ નામ નિશાન નથી. આવાસોની ભીંતની આડશમાં કેટલાક શ્રમજીવીઓએ આશરો લીધો છે. 'ઘ' કક્ષાના આ મકાનો રામભરોસે છોડી દેવાયા હોવાથી હાલ સાંજ ઢળતા જ આ વિસ્તારમાં બદીઓ પાંગરી રહી છે. આવાસમાં થતી ગેરકાયદેસર ઘુસપેઠના મામલે કોઈ પુછનાર જ

● અનુસંધાન પાન-૭ પર

**ધંધુકા વિસા મોઢ વણિક બેસણું**



મારા ધર્મપત્ની **ઈન્દીરા રમણલાલ શાહ** તા. ૧૦/૨/૨૦૧૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. **સદગતનું બેસણું તા. ૧૨/૨/૨૦૧૫ને ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર**

લી.

| | |
|---|---|
| સમીર શાહ | રમણલાલ એચ. શાહ |
| દિપીકા શાહ | ડો. અમી શાહ |
| વિમ્મી વકીલ | ડો. સંજય શાહ |
| | આસિત વકીલ |

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.

કોકીલા જે. ભાલાણી

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY Total Waterproofing Solution

Waterproofing ka champion

શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ

એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬

સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com